એમ.ફીલ તથા પી.એચ.ડીના
અભ્યાસક્રમમાં અનુ.જાતિના
વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે
શિષ્યવૃત્તિ મંજૂર કરવા બાબત.

---

નિયામક સમાજ કલ્યાણ ખાતુ
-9 DEC 1997
આવક ક્રમાંક 3195
ગાંધીનગર

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૬/ન.બા.૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૫ - ૧૨-૯૭

ઠરાવ :-

અનુસૂચિતજાતિના ઉચ્ચ અભ્યાસ ક્રમનાં વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ભારત સરકારની શરતોને આધિન શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અનુસૂચિત જાતિનાં એમ.ફીલ અને પી.એચ.ડી. કરતાં વિદ્યાર્થીઓ પણ આ યોજના હેઠળ સહાય આપવામાં આવે છે. તેમજ મહાનિબંધ છપાવવા માટે સહાય આપવામાં આવે છે. પરંતુ વર્તમાન મોંઘવારીના પ્રમાણમાં આ સહાય ઘણી ઓછી હોઈ આવા વિદ્યાર્થીઓને મહાનિબંધ છપાવવા માટે સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે અનુસૂચિતજાતિનાં વિદ્યાર્થીઓ જેઓ એમ ફીલ અને પી.એચ.ડી માં અભ્યાસ કરે છે તેઓને મહાનિબંધ લખવા તથા ટાઈપ કરાવવા માટે અનુક્રમે માસિક રૂ.૨૦૦૦/- (બે હજાર) અને રૂ. ૨૫૦૦/- (બે હજાર પાંચસો ) સહાય આપવાનું ઠરાવવામાં આવે છે.

૨. આ યોજના નીચે મુજબની શરતોને આધિન રહી મંજૂર કરવામાં આવશે.

૧. આ યોજના હેઠળ ફક્ત ૧૦ વિદ્યાર્થીઓને લાભ મળી શકશે.

૨. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિનાં ઉચ્ચ અભ્યાસ ક્રમના વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ મેળવતાં વિદ્યાર્થીઓને લાભ મળી શકશે.

૩. આ યોજનાનો સમય ગાળો એક વર્ષનો રહેશે.

૪. આ યોજનામાં મહાનિબંધ (થીસીસ) રજૂ કરવાની શરતે સ્કોલરશીપ મળવાપાત્ર રહેશે.

૩. આ અંગે સને ૧૯૯૭-૯૮ ના વર્ષમાં વિભાગ-૧ નવી બાબત દ્વારા રૂ.૨.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના માંગણી ક્રમાંક: ૯૩,મુખ્યસદર-૨૨૨૫-અનુસૂચિતજાતિ અનુસૂચિતઆદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-પેટા સદર બીસીકે-૬-પીએચડી અને એમ ફીલીની શિષ્યવૃત્તિ માટે અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને નાણાકીય સહાય હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનુ રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૨૧-૧૧-૯૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી.એ. [signature]

(ટી.એ.ગજ્જર )
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ,

નકલ રવાના:-

માન.મુખ્યમંત્રીશ્રી (સ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત)
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સીલેકટ ફાઈલ.

:વાઘેલા: ૫/૧૨